રજુ તારીખ : ૨૦/૦૫/૨૦૨૬
દાખલ તારીખ: ૨૦/૦૫/૨૦૨૬
નિકાલ તારીખ : ૦૮/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦ ૦ ૧૯

**ભાવનગરના મહે. સ્પેશ્યલ જજ તથા ૨ જા એડિશનલ સેસન્સ જજ સમક્ષ મુ. ભાવનગર**

**ફોજદારી પરચુ. અરજી નં.૮૯૨/૨૦૨૬**
**આંક–**

**અરજદાર :** **જયદીપભાઇ ઉર્ફે કટુ મકાભાઇ ઉર્ફે મનુભાઇ મારુ**
ઉ.વ.આ.૨૪, ધંધો –મજુરી
રહે.કોળીવાડ, પ્લોટ વિસ્તાર, ઉમરાળા,
તા.ઉમરાળા,જિ.ભાવનગર
હાલ–જિલ્લા જેલ, ભાવનગર

વિરૂધ્ધ

**સામાવાળા :** (૧) **શ્રી સરકાર.**
(૨) **જેસીંગભાઇ જીવણભાઇ સોલંકી**
રહે. રંઘોળા, તા.ઉમરાળા, જિ.ભાવનગર

**બાબત: બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**અરજદાર તરફે :** વિ.વ.શ્રી.એ.એચ.સોલંકી
**સામાવાળા તરફે :** વિ.પી.પી.શ્રી જી.પી.જાડેજા

**–: ચુ કા દો :–**

(૧) અરજદારે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે નિલમબાગ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૮૦૦૧૨૬૦૨૧૩/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ–૭૮, પોકસો એકટની કલમ–૧૨ મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન

મેળવવા માટે રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી વંચાણે લીધી, પોલીસ પેપર્સ ધ્યાને લીધા. અરજદારના વિ.વ.શ્રી એ.એચ.સોલંકી તથા સરકાર તરફે વિ.પી.પી.શ્રી. જી.પી.જાડેજાને સાંભળ્યા. તપાસ કરનાર અધિકારી તરફે રજુ થયેલ આંક–૪ નું સોગંદનામુ વંચાણે લીધુ.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી. એ.એચ.સોલંકીએ રજુઆત કરતા જણાવેલ છે કે, ફરિયાદ ૬ દિવસ વિલંબથી આપેલ છે અને તેનો કોઇ ખુલાસો ફરિયાદી દ્વારા કરવામાં આવેલ નથી. વધુમાં રજુઆત છે કે, ફરિયાદમાં જણાવેલ છે તેવું કોઇ કૃત્ય આરોપીએ કરેલ નથી. વધુમાં રજુઆત છે કે, અગાઉ અરજદાર અને ફરિયાદી વચ્ચે ઉમરાળા મુકામે બોલાચાલી થયેલી તેની દાઝ રાખીને હાલની ખોટી ફરિયાદ કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદારના પિતાને લીવરની બીમારી હોય અને અરજદાર કુટુંબનું ગુજરાન ચલાવતા હોય જો જામીન ઉપર મુકત કરવામાં નહી આવે તો તેના પિતાની તબીયત ખરાબ થઇ શકે તેમ છે. અરજદાર/આરોપી ભાવનગર જિલ્લાના કાયમી રહેવાસી છે, ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર ઉપર તેમના કુટુંબની જવાબદારી રહેલી છે તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તથા શરતોનું પાલન કરવા ખુશી છે. અરજદારને જામીન પર મુક્ત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીક્શન થાય તેમ છે. સદર તમામ હકીકત ધ્યાને લઈ, અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

(૪) સરકાર તરફે વિ.એ.જી.પી.શ્રી જી.પી.જાડેજા જામીન અરજી સામે વાંધો લેતા જણાવેલ છે કે, આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ભોગબનનારને ખોટી રીતે હેરાન પરેશાન કરે તેવી સંભાવના જણાય છે. આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો નાશી–ભાગી જશે. ટ્રાયલ સમયે હાજર રહેશે નહી. આરોપી જામીન મુકિતનો ગેરલાભ મેળવશે અને ટ્રાયલ વિલંબીત કરશે. વધુમાં રજુઆત છે કે હાલના અરજદાર/આરોપી સામે હાલના ફરિયાદી દ્વારા અને ભોગબનનાર દ્વારા આ મુજબની જ ફરિયાદ દાખલ થયેલી છે અને

ત્યારબાદ ફરીથી ભોગનનારને હેરાન પરેશાન કરતા હોય હાલની ફરીથી ફરિયાદ કરેલી છે. જે તમામ પરીબળો ધ્યાને લઇ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામની મુખ્ય હકીકત જોતા આરોપી સામે નિલમબાગ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૮૦૦૧૨૬૦૨૧૩/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ–૭૮, પોકસો એકટની કલમ–૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર/આરોપી સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં,ઉમરાળા ગોપાલવાડી વિસ્તારમાં રહેતા જયદીપ મકાભાઈ મારુ નામનો વ્યકિત છેલ્લા સાતેક મહીનાથી ફરિયાદીની સગીર વયની દિકરીનો પીછો કરી બિભત્સ ઇશારા કરતો હોય જેની તેઓએ ઉમરાળા પો.સ્ટે.મા ફરિયાદ લખાવેલી હોય, તેમ છતા આરોપી તેઓની દિકરી ભાવનગર વિદ્યાધીશ સ્કુલમાં અભ્યાસ કરે છે તેવુ કોઇ રીતે જાણી ગઇ તા.૧૪/૦૪/૨૦૨૬ ના બપોરના ક.૩/૩૦ વાગ્યે તેની ફોર વ્હીલ લઇ ભાવનગર કાળીયાબીડ વિસ્તારમા આવેલ વિદ્યાશ્રી હોસ્ટેલના ગેટ પાસે આવી ફરિયાદીની દીકરી ગેટની બહાર નિકળતા ફરિયાદીની દીકરીની છેડતી કરવા લાગેલ અને તેની ફોરવ્હીલના વોર્ન વગાડીને મારીને ડરાવી ફરિયાદીની દીકરી સામે જોઇ બિભત્સ ઇશારા કરી ગુનો કરેલ છે.

(૬) પક્ષકારોની રજુઆતો તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઈ પણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીને જામીન ઉપર મુક્ત કરવો કે કેમ તે બાબત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૩ ની જોગવાઇ મુજબ અદાલતની વિવેકબુદ્ધિની સત્તાને આધીન રહેલી છે અને આવી વિવેકબુદ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુનાના કામે રજુ જામીન અરજી નિર્ણીત કરતી વખતે આક્ષેપીત ગુના સંબંધે નિર્દિષ્ટ કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેવી તે જ એકમાત્ર પરિબળ નથી. જામીન અરજી નિર્ણીત કરતી વખતે ગુના અંગે નિર્દિષ્ટ સજાની જોગવાઈ ઉપરાંત ગુનાનો

પ્રકાર, ગુનાની ગંભીરતા, આરોપીની વય, ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી મળી આવવાની સંભાવના વિગેરે પરિબળો પણ લક્ષમાં લેવાના રહે છે.

(૭) બન્ને પક્ષકારોની રજુઆત તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ ધ્યાનમાં રાખતા તથા મુળ ફરિયાદી તરફથી આંક–૭ થી વાંધા રજુ કરેલા છે જે વંચાણે લેતા અને ફરિયાદ જોવામાં આવે તો આ કામના ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ, ૮ માસ અને ૨૨ દિવસની હોય અને ભોગબનનાર વિદ્યાધીશ સ્કુલમાં અભ્યાસ કરતા હોય અને ત્યા જઇને છેડતી કરેલી હોય તે મુજબની ફરિયાદ છે. વધુમાં ત.ક.અ.નું સોગંદનામુ જોવામાં આવે તો હાલના આરોપી સામે ઉમરાળા પો.સ્ટે.માં બી.એન.એસ.ની કલમ–૭૮,૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે. અને ફરિયાદ હાલના ફરિયાદીએ હાલના આરોપી સામે નોંધાવેલ છે તેમા પણ ભોગબનનાર ફરિયાદીના દિકરી છે જેથી હાલના અરજદાર આરોપી સામે ફરિયાદી દ્વારા પોકસો એકટ અન્વયે બે ફરિયાદ કરવામાં આવેલ છે. જેથી ત.ક.અ.નું સોગંદનામુ તથા મુળ ફરિયાદીના વાંધા ધ્યાનમાં રાખતા જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો અરજદાર/આરોપી નાસી ભાગી જાય તો તેઓની સામેના ગુનાની તપાસ તથા ટ્રાયલ વિલંબીત થાય તેમ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના ગુનાની હકીકતો તથા સંજોગો તથા ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તથા આરોપીને જામીન મુકત કરતી વખતે ધ્યાનમાં લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં અરજદાર આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભે બી.એન.એન.એસ.ની કલમ–૪૮૩ અન્વયેની વિવેકાધીન સતાનો ઉપયોગ હાલના તબકકે કરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાય આવતુ નથી. જે તમામ સંજોગો ધ્યાને લેતા આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચીત જણાતુ ન હોય જામીન અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

અરજદાર **જયદીપભાઇ ઉર્ફે કટુ મકાભાઇ ઉર્ફે મનુભાઇ મારુ** ની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી **"નામંજુર"** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૦૮, માહે –જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તા.૦૮/૦૬/૨૦૨૬

**(પી.પી.જાડેજા)**
બીજા એડિ.ડિસ્ટ્રિક્ટ તથા સેસન્સ જજ,
ભાવનગર,
કોડ નં.જીજે ૦૦૮૩૨

*JKA*